ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરનો શિવભક્ત 'બિલ્લુ' બિહારની બૈજનાથધામ કાવડયાત્રાનો બડભાગી યાત્રી

## યાત્રીઓએ ચોક્કસ નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડે છે : યાત્રાંતે 'ગઠજોડા'ની વિશિષ્ટ વિધિ થાય છે

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં અંબાજી, ડાકોર, બહુચરાજી જેવા ધર્મસ્થાનોની પદયાત્રાની જેમ બિહાર, ઉત્તરપ્રદેશ જેવા ઉત્તરીય રાજ્યોમાં પણ અલગ અલગ કાવડયાત્રાઓ નીકળે છે. જે પૈકીની મહત્વની મનાતી બિહારના સુલતાનગંજથી પ્રારંભાતી કાવડયાત્રા બિહારના પાંચ પડાવ પછી બૈજનાથધામ પહોંચે છે. બિલ્લુએ વર્ણવેલા આ યાત્રાના નિયમો અને અનુભવો ઘણા રસપ્રદ છે. કાવડીયાઓએ ચોક્કસ નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડે છે. દરેકે ભગવા રંગના કપડાં પહેરવા પડે, પગરખાં



બૈજનાથધામની કાવડયાત્રામાં ગાંધીનગરનો ચંદ્રપ્રકાશ શર્મા નામનો શ્રધ્ધાળુ યુવાન સતત વર્ષોથી જોડાઈને બૈજનાથધામમાં નગરવતી ધર્મ-ભક્તિની ટહેલ નાખતો આવે છે.

મૂળ રાજસ્થાનના વતની અને ગાંધીનગરમાં ચંદ્ર ફોટો સ્ટુડીયો-ડીજીટલ લેબનો વ્યવસાય કરતા શ્રી સત્યનારાયણ શર્માનો પુત્ર અને પરીચિતોમાં 'બિલ્લુ'ના નામે ઓળખાતો ચંદ્રપ્રકાશ ૧૯ વર્ષથી સુલતાનગંજથી બૈજનાથ ધામની ૧૦૫ કિ.મી.ની પગપાળા કાવડયાત્રામાં જોડાય છે. યાત્રામાં જોડાવા માટે સૌ પ્રથમ સુલતાનગંજ પહોંચીને ચાર ફૂટીયા વાંસના બે છેડે લોટા મુકી શિવ-નાગની પ્રતિમા-છબી, રંગીન ફૂલ-લટકણિયાથી શણગાર કર્યા બાદ ગંગાજળ બંને લોટામાં ભરીને ચીકણી માટીથી લોટાના મુખ બંધ કરી દેવાય છે. પ્રારંભિક વિધિ પૂર્ણ કરીને પહેરવાની બંધી હોય છે. ચાલુ યાત્રાએ એકબીજા સાથે કોઈ વાત કરાય નહિ. યાત્રીના મુખેથી માત્ર 'બોલ બમ્' બે જ શબ્દોની સતત રટ હોવી જોઈએ.. કોઈ યાત્રી પોતાની કાવડ જમીન પર ન મૂકી શકે.. હા, લઘુશંકા કે ગુરૂશંકાની અનિવાર્યતા સમયે કાવડ

● અનુસંધાન પાના - ૭ પર

### શર્મા પરિવારમાં કાવડયાત્રાની પરંપરા સતત ચાર પેઢીથી જળવાઈ રહી છે

ગાંધીનગરનો શર્મા પરિવાર બૈજનાથધામની આ કાવડયાત્રા સાથે ચાર પેઢીથી જોડાયેલો રહ્યો છે. બિલ્લુના દાદી રૂકમણિદેવી, પિતા સત્યનારાયણ શર્મા - માતા ચંદાબેન અને આ વર્ષે ચોથી પેઢીના શુભમ શર્માએ પણ કાવડયાત્રામાં જોડાઈને ધન્યતા અનુભવી છે.

# સેક્ટર-૧૭ પુસ્તકાલયમાં અધિકારીની જીદથી ભારે હંગામો

## સાહેબની કાર પાર્કિંગ કરવાની જગ્યાએ વિદ્યાર્થીઓ જમવા બેઠા ને સાહેબે હઠ પકડી કે હાલ જ ઉભા થાવ : રજૂઆત કરતા અધિકારીએ કલાક સુધી બધાના આઈકાર્ડ તપાસીને સમય બગાડ્યો

ગાંધીનગર, તા. ૧૪

'તમે અહીં મારી ગાડી મુકવાની જગ્યાએ બેસીને કેમ જમો તેમ કહી સે. ૧૭ લાયબ્રેરીના અધિકારીએ વિદ્યાર્થીઓને ખખડાવતા વિદ્યાર્થીઓ અને અધિકારી વચ્ચે ઉગ્ર બોલાચાલી થવા પામી હતી. ભાણા પર બેઠેલા વિદ્યાર્થીઓને ઉભા કરતા જવાબદાર અધિકારીએ ખરેખર માનવતા નેવે મુકી દીધી હતી. અંતે અન્ય અધિકારી બબાલ થઈ જોઈ દોડી આવ્યા હતા અને સમગ્ર મામલો થાળે પાડ્યો હતો. જોકે પોણો કલાક સુધી વાંચનખંડનું વાતાવરણ ડોહળાઈ ગયું હતું અને હંમેશા શાંતિ જળવાઈ રહેતા વાંચન ખંડમાં શોરબકોર થઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સે. ૧૭માં મધ્યસ્થ ગ્રંથાલય આવેલી છે. જ્યાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓ દરરોજ વાંચન માટે આવે છે.

વહેલી સવારથી લાયબ્રેરીમાં વાંચન માટે આવતા વિદ્યાર્થીઓ બપોરના ભોજન માટે ઘરેથી પોતાનું ટીફીન પણ સાથે લઈ આવે છે. અને બપોર થતાં આસપાસના વિસ્તારમાં જઈ ખુલ્લામાં બેસીને ભોજન કરે છે. અગાઉના સમયમાં વિદ્યાર્થીઓ લાયબ્રેરી બિલ્ડીંગમાં જ બનાવેલી કેન્ટીનની આગળની જગ્યામાં બેસીને ભોજન કરતા હતા, પરંતુ વરસાદ અને કાદવ કીચડને લીધે અહીં ભોજન કરવા બેસવું વિદ્યાર્થીઓ માટે મુશ્કેલ બન્યું છે. આથી સે. ૧૭ લાયબ્રેરી મુખ્ય ગ્રંથપાલની કચેરી તરફ જતા ગેટની પાસે બેસીને કેટલાક વિદ્યાર્થીઓ લઈ



આવેલા પોતાનું ટીફીન ખોલીને ભોજન કરી રહ્યા હતા. બસ આ જ સમયે લાયબ્રેરીના એક અધિકારી પોતાની સરકારી ગાડી લઈ ગેટ પાસે આવી પહોંચ્યા હતા અને ભોજન કરતા વિદ્યાર્થીઓને જોઈ ભડકી ગયા હતા. અને તમે અહી ગાડી મુકવાની જગ્યાએ બેસીને કેમ ભોજન કરી રહ્યા છો તેમ કહી બરોબરના ખખડાવ્યા હતા. તેમજ તમે અહીંથી ઉભા થઈ જાવ તેમ સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધુ હતુ. ભાણા પર બેઠેલા વિદ્યાર્થીઓને ઉભા કરતા જવાબદાર અધિકારીએ ખરેખર માનવતા નેવે મુકી દીધી હોવાનું ચારેબાજુ ચર્ચાઈ રહ્યું હતું.

અધિકારીના આ પ્રકારના વર્તનથી સમગ્ર મામલો બિચક્યો હતો અને લાયબ્રેરીનું વાતાવરણ થોડી જ વારમાં ડહોળાઈ ગયું હતું. વિદ્યાર્થીઓની બોલાચાલથી ગિન્નાયેલા સાહેબ તુરંત જ વાંચન ખંડમાં આવી વાંચન કરતા વિદ્યાર્થીઓના આઈડી કાર્ડ માંગવા લાગ્યા. આથી વિદ્યાર્થીઓ અને અધિકારીઓ વચ્ચે ભારે બોલાચાલી થવા પામી. પરિણામે લાયબ્રેરીમાં ભારે શોરકબકોર થતા આસપાસમાંથી અન્ય અધિકારીઓ દોડી આવ્યા હતા અને સમગ્ર મામલો થાળે પડ્યો હતો. શોર બકોરથી પોણો કલાક વાતાવરણ ગંભીર બની ગયું હતું. અન્ય વિદ્યાર્થીઓના વાંચનમાં ખેલલ પહોંચી હતી.

## બાજખેડાવાળા જ્ઞાતિજનો દ્વારા આજે શિવ મહિમ્ન સ્ત્રોત ને શ્રી વિષ્ણુ સહસ્ત્ર પાઠ

ગાંધીનગર, તા. ૧૪

બાજખેડાવાળ જ્ઞાતિજનો દ્વારા શ્રાવણ માસના દર સોમવારે શિવ મહિમ્ન સ્ત્રોત તેમજ શ્રી વિષ્ણુ સહસ્ત્રના પાઠના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે.

તા. ૧૫મી ઓગષ્ટના રોજ શ્રાવણ માસના પ્રથમ દિવસે ડૉ. શ્રીમતી આરતીબેન હિમાંશુભાઈ દવેના નિવાસસ્થાન ૧૨૨૫/૧ સુસ્મિત દવાખાનાની નીચે સેક્ટર-૭-ડી (૨૩૨-૪૮૫૦૦, મો. ૯૮૯૮૦૧૩૨૭૮) રાત્રે ૮.૩૦ વાગે યોજાશે. ધર્મપ્રેમીઓને લાભ લેવા માટે પ્રમુખશ્રી કિરણભાઈ પંડ્યાએ જણાવેલ છે.

# ગૌરવ પુરસ્કાર અર્પણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ એક સાહિત્યકારને અપાતો પ્રતિષ્ઠિત સાહિત્યકાર ગૌરવ પુરસ્કાર વર્ષ-૨૦૧૫ માટે ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિ શ્રી વિનોદ જોશીને ભાવનગર મુકામે તેમના જન્મ દિવસે જ તા. ૧૩ ઓગષ્ટના રોજ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીના અધ્યક્ષ સ્થાને શ્રી મોરારિબાપુના વરદ હસ્તે એક ભવ્ય સમારોહ યોજીને અર્પણ કરાયો હતો. આ સન્માનમાં રૂ. એક લાખનો ચેક, શાલ અને સન્માનપત્ર આપવામાં આવ્યા હતા. આ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે સ્થાનિક ધારાસભ્યશ્રી વિભાવરીબેન દવે તથા જિતુભાઈ વાઘાણી અને મેયરશ્રી બાબુભાઈ સોલંકી તથા સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા કવિ સર્જક શ્રી ભાગ્યેશ જહા તથા વરિષ્ઠ સર્જક-વિવેચક શ્રી સતીશ વ્યાસની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

સમારોહના આરંભે કવિશ્રી વિનોદ જોશી લિખિત પ્રાર્થનાની શ્રી




હરિશ્ચન્દ્ર જોશીએ સ્વરબદ્ધ રીતે કરી હતી. મંચ પર ઉપસ્થિતિ સૌ મહાનુભાવોનું સ્વાગત પુસ્તકથી કરવામાં આવ્યું અને ત્યાર પછી સર્વ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

આરંભે સમારોહની ભૂમિકા અને પ્રાસંગિક પ્રવચનમાં સર્જકશ્રી ભાગ્યેશ જહાએ સૌને શાબ્દિક આવકાર આપી કહ્યું કે કવિ વિનોદ જોશીના ગીતોમાં લય અને ટહૂકો ક્યાંથી આવે છે ? આ ભાવનગરની ભૂમિની સંસ્કારિતાએ એમની કવિતાને ઘડી છે.

ડૉ. સતીશ વ્યાસે કવિ પ્રતિષ્ઠામાં ભાવનગરની સાંસ્કૃતિક-કલા અને સાહિત્યને યાદ કરીને પોતાના હસ્તપ્રત વિનાના વ્યાખ્યાનમાં કહ્યું કે વિનોદભાઈ અનિલ જોશી અને રમેશ પારેખ જેવા સમર્થ કવિઓના યુગમાં પોતિકો અવાજ લઈને આવે છે. ગીતને નવી ઓળખ આપે છે.

આ પ્રસંગે શ્રી વિનોદ જોશીએ પોતાનો પ્રતિભાવ આપતા કહ્યું કે અત્યારે હું વિભોરતા અને સંકોચ અનુભવું છું. હું હજીયે એ શબ્દની પ્રતિક્ષા કરું છું જે મારા સુધી પહોંચ્યો

● અનુસંધાન પાના - ૭ પર




